અતારાંકિત-૨૦
શ્રી જનકભાઈ તળાવીયા (લાઠી)

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) | |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) | |

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૨.૦૦ |
| ૨૦૨૩-૨૪ | ૩૨.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૯.૧૭ |
| ૨૦૨૩-૨૪ | ૧૪.૦૪ |

---

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.૨૪/મ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૩/૦૨/૨૦૨૪.

ગુજરાત વિધાનસભાના તારીખ: ૧૮/૦૧/૨૦૨૪ તારાંકિત પ્રશ્ન: ૧૫/૪/૧૭૦૮ અન્વયે જરૂરી કાર્યવાહી સારુ

O/C 13/02/24

13/02/24
(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાના:

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(HoFF),અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર
૨. સેક્શન અધિકારી(સંકલન), અ-૧ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

P.A. Joshi
તારીખ: 13/02/24

# અગ્રતાક્રમ – ૧૦

શ્રી જનકભાઈ તળાવીયા (લાઠી)

**પ્રશ્ન –**

**સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪માં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ક્યાં ક્યાં ગામોમાં કેટલાં વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. તેમજ કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે ? અને કઇ કઇ પ્રજાતિના રોપા રોપવામાં આવેલ છે?**

**જવાબ–**

**વર્ષ ૨૦૨૨-૨૩**

| અ.નં | વાવેતર કરેલ ગામનું નામ | વાવેતર કરેલ વિસ્તાર | વાવેલ રોપાની સંખ્યા | વાવેતર કરેલ રોપાની મુખ્ય જાતો | ઉત્પન્ન થયેલ માનવ દિન |
|---|---|---|---|---|---|
| ૧ | મુળીયાપટ | ૨ હેક્ટર | ૮૦૦ | લાઠી તાલુકામાં મુખ્યત્વે લીમડા, સરગવા, ચરલ, પિપળ, અરડુસા, ગુલમહોર, વડ, પિપળા, જામફળ, સીતાફળ, નિલગીરી, લીંબુ, રાયણ, રાવણા, સવન, સીસુ, દેશી બાવળ, કરંજ વિગેરે જાતના રોપામાં વાવેતર કરવામાં આવેલ છે. | ૩૨૭૪ માનવદિન |
| ૨ | શેખ પીપરીયા | ૨ હેક્ટર | ૮૦૦ | | |
| ૩ | શાખપુર | ૩.૫ હેક્ટર | ૩૫૦૦ | | |
| ૪ | કાંચરડી | ૧.૫ હેક્ટર | ૧૫૦૦ | | |
| ૫ | ધ્રુફણીયા | ૨ હેક્ટર | ૨૦૦૦ | | |
| ૬ | મતિરાળા | ૬ હેક્ટર | ૬૦૦૦ | | |
| ૭ | ચાવંડ | ૫ હેક્ટર | ૫૦૦૦ | | |
| ૮ | વિરપુર | ૭ હેક્ટર | ૭૦૦૦ | | |
| ૯ | દામનગર | ૨ હેક્ટર | ૧૫૧૧ | | |
| ૧૦ | ભીંગરાડ | ૧ હેક્ટર | ૪૦૦ | | |
| | **કુલ --** | **૩૨ હેક્ટર** | **૨૮૫૧૧** | | **૩૨૭૪** |

**આમ, વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ-૧૦ ગામોમાં ૩૨.૦૦ હેક્ટર જમીનમાં ૨૮,૫૧૧ જેટલા રોપા વાવવામાં આવેલ છે. તેમજ ૩૨૭૪ માનવદિન ઉત્પન્ન થયેલ છે.**

## **૨૦૨૩-૨૪માં તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ**

| **અ.નં** | **વાવેતર કરેલ ગામનું નામ** | **વાવેતર કરેલ વિસ્તાર** | **વાવેલ રોપાની સંખ્યા** | **વાવેતર કરેલ રોપાની મુખ્ય જાતો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** |
|---|---|---|---|---|---|
| ૧ | અકાળા | ૮ હેક્ટર | ૬૮૦૦ | લાઠી તાલુકામાં મુખ્યત્વે લીમડા, સરગવા, ચરલ, પિપળ, અરડુસા, ગુલમહોર, વડ, પિપળા, જામફળ, સીતાફળ, નિલગીરી, લીંબુ, રાયણ, રાવણા, સવન, સીસુ, દેશી બાવળ, કરંજ વિગેરે જાતના રોપામાં વાવેતર કરવામાં આવેલ છે. | **૧૯૧૦ માનવદિન** |
| ૨ | છભાડીયા | ૨ હેક્ટર | ૮૦૦ | | |
| ૩ | સુવાગઢ | ૭ હેક્ટર | ૭૦૦૦ | | |
| ૪ | કરકોલીયા | ૬ હેક્ટર | ૬૦૦૦ | | |
| ૫ | જાનબાઈની દેરડી | ૫ હેક્ટર | ૪૪૦૦ | | |
| ૬ | ચાવંડ | ૧.૫ હેક્ટર | ૧૫૦૦ | | |
| ૭ | કેરીયા | ૦.૫ હેક્ટર | ૫૦૦ | | |
| ૮ | દામનગર | ૧ હેક્ટર | ૪૦૦ | | |
| ૯ | મેમદા | ૦.૫ હેક્ટર | ૫૫૬ | | |
| ૧૦ | શાખપુર | ૦.૫ હેક્ટર | ૫૫૫ | | |
| | **કુલ--** | **૩૨ હેક્ટર** | **૨૮,૫૧૧** | | **૧૯૧૦** |

**આમ, વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ- ૧૦ ગામોમાં ૩૨.૦૦ હેક્ટર જમીનમાં ૨૮૫૧૧ જેટલા રોપા વાવવામાં આવેલ છે.તેમજ ૧૯૧૦ માનવદિન ઉત્પન્ન થયેલ છે.**

# અગ્રતાક્રમ – ૧૦

શ્રી જે.વી. કાકડીયા (ધારી)

**પ્રશ્ન –**

**બિન વન વિસ્તારમાં સામુહિક જમીન પર કરેલ વાવેતર કેટલા સમય પછી કાપી શકાય છે?**

**જવાબ–**

બિન વન વિસ્તારમાં સામુહિક જમીન પર કરેલ વાવેતર કાપણીનો સમય જોઇએ તો...

➢ **ગ્રામવન (પિયત)**

ગૌચર / મહેસુલી પડતર જમીન પર પિયત સુવિધા ધરાવતા વિસ્તારમાં જ્યાં વળી/ ડાંડીના હેતુસર સરૂ, નીલગીરી, સુબાવળ, વાંસ જેવા ઝડપથી વધતી જાતો રોપાયેલ હોય ત્યાં વાવેતરના વર્ષથી **૫ વર્ષ** પછી ગ્રામ પંચાયત ઠરાવે ત્યારે વાવેતર કાપવા, પરંતુ અન્ય જાતો વાવેતરના **૮ વર્ષ પછી ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરીથી કાપવાના થશે.**

➢ **ગ્રામવન ( બિન પિયત )**

વાવેતર ગૌચર / મહેસુલી પડતર જમીનના બિન પિયત વિસ્તાર પર ઉછેરાયેલ વાવેતરોને **૮ વર્ષ પછી ગ્રામ પંચાયત ઠરાવે ત્યારે યોગ્ય સમયે કાપવાના થશે.**

➢ **નહેર કાંઠે વાવેતર**

ડાંડી વળી આપતી જાતો નીલગીરી, સુબાવળ, સરૂ વાંસને **૫ વર્ષ** પછી અન્ય જાતોને **૮ વર્ષ પછી કાપવાના થશે.**

➢ **રેલ્વે કાંઠે વાવેતર**

રેલ્વે કાંઠે ઉછેરાયેલ વાવેતર બિન પિયત હોઇ તેવા વાવેતરોને **૮ વર્ષ પછી કાપવાના થશે.**

➢ **રસ્તા કાંઠે વાવેતર**

મહેસુલી આવક આપતા **વૃક્ષોને ૮ વર્ષ પછી કાપવાના થશે, પરંતુ પર્યાવરણ લક્ષી અને છાયાદાર વૃક્ષોને સામાન્ય રીતે કાપવાના નથી. ફક્ત સુકાઇ ગયેલ હોય, રોગગ્રસ્ત કે ભયગ્રસ્ત, નમી ગયેલ હોય તે જ કાપવાના થશે.**

➢ ફળાઉ વૃક્ષોને પણ કાપવાના નથી પરંતુ વૃક્ષો ફળદ્રુપ ન રહે ત્યારે આવા વૃક્ષોને કાપવાના થશે.

➢ નદી કોતરના કાંઠે તથા ૪૫૦ કરતા વધુ ઢળાવ પર આવેલ વૃક્ષોને સુકાઇ ગયેલ હોય કે પડી ગયેલ હોય તો જકાપવાના થશે.

# અગ્રતાક્રમ – ૧૦

શ્રી મહેશભાઈ કસવાલા (સાવરકુંડલા)

**પ્રશ્ન –**

**સામુહિક જમીન પર થયેલ વાવેતરના લાભનું તેમજ ખાનગી જમીન પર કરેલ વાવેતરનાલાભનું વિતરણ કેવી રીતે થાય છે?**

**જવાબ –**

➢ સામુહિક જમીન પર થયેલ વાવેતર જેવાકે પટ્ટી વાવેતર અને ગ્રામવન જે સરકારી ખર્ચે વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવે છે.

➢ **પટ્ટી વાવેતરમાં** તેના વૃક્ષોની કુલ આવકમાંથી ખર્ચ બાદ કરતાં **૫૦% રકમ** જે તે તાલુકા પંચાયતને આપવામાં આવે છે અને **૫૦% રકમ** સરકારશ્રીમાં મહેસુલ તરીકે જમા થાય છે.

➢ **ગ્રામવનમાં** તેના વૃક્ષોમાંથી ઉછેર અને કાપણી ખર્ચ બાદ કરતાં **૭૫% રકમ** સંબંધિત ગ્રામ પંચાયતને જાય છે. અને બાકીની **૨૫% રકમ** વન વિભાગે વનીકરણ પાછળ ખર્ચ કરવાનો થાય છે.

➢ **માલીકી ખેતરોમાં** વૃક્ષારોપણ માટે સરકારી સહાય અપાય છે અને વૃક્ષોમાંથી થતી તમામ આવક ખેડુતને મળે છે.

પરિશિષ્ટ-૧૦ પ્રશ્નોત્તર

## પૂરક નોંધ

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૭૦૮

- સામૂહિક વનીકરણ યોજના ૧૯૬૯–૭૦થી શરૂ થઇ.
- સંપૂર્ણ રાજ્ય સરકારની સ્કીમ છે.
- સામૂહિક વનીકરણ હેઠળ ઉગાડેલ વૃક્ષો ૮ વર્ષ પછી કાપી શકાય.
- રોપાની જાળવણી ચાર વર્ષ માટે કરવાની હોય છે.
- ગુજરાતના વનોમાં ૨૯૨ પ્રકારના વૃક્ષોની જાતો જોવા મળે છે.
- રાજ્ય દર ચાર વર્ષે વૃક્ષોની ગણતરી કરાવે છે.
- ભારત સરકાર દર બે વર્ષે ફોરેસ્ટ સર્વે કરાવે છે.
- રાષ્ટ્રિય કક્ષાએ ૩૩ % વન આવરણ હોવું જોઇએ,તેની સામે ભારતમાં ૨૧.૫૪ % વન આવરણ છે. ગુજરાતમાં ૧૧.૦૪ % વન વિસ્તાર છે. (ગુજરાતમાં ૩૩ % પ્રમાણે ૬૪,૭૬૦ ચો.કિ.મી. વન હોવું જોઇએ. તેની સામે ૧૧ % પ્રમાણે ૨૧,૬૪૭ ચો.કિ.મી. વન વિસ્તાર છે.)
- રાજ્યમાં ૨૦૦૩ માં વૃક્ષોની સંખ્યા ૨૫.૧૦ કરોડ , ૨૦૨૧ માં ૩૯.૭૫ કરોડ. એટલે કે ૫૮.૩૭ % જેટલો વધારો.
- ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૧૭ ના અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૧૭ માં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ( વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર ) –૧૪,૭૫૭ ચો.કિ.મી. હતો. હવે ૨૦૧૯ ના અહેવાલ પ્રમાણે આ વિસ્તાર– ૧૪,૮૫૭ ચો.કિ.મી. છે . એટલે ૧૦૦ ચો.કિ.મી. જેટલો વધારો થયેલ છે.

- ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૧ ના અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૧૯ માં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ( વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર ) –૧૪,૮૫૭ ચો.કિ.મી. હતો. હવે ૨૦૨૧ ના અહેવાલ પ્રમાણે આ વિસ્તાર– ૧૪,૯૨૬ ચો.કિ.મી છે . એટલે ૬૯ ચો.કિ.મી. જેટલો વધારો થયેલ છે.
- રોજમદારોને હાલમાં રૂા.૪૬૨ દૈનિક દરે ચૂકવણું કરાય છે. (શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નક્કી કરાયેલ છે અને દર છ માસે રીવાઇઝ થાય છે.)
- મજદૂરોને કરાતુ ચૂકવણું ડાયરેક્ટ તેમના બેંક ખાતામાં જમા કરાવાય છે.
- જીવંત ટકાવારી – ૮૦ % થી વધુ હોય તો વાવેતર સારું કહેવાય.
- **પટ્ટી વાવેતરમાં**– તાલુકા પંચાયતને ૫૦% રકમ, સરકારને ૫૦% રકમ મળે.
- **ગ્રામ વન વાવેતરમાં**- ગ્રામ પંચાયતને ૭૫% રકમ, વન વિભાગને ૨૫% રકમ મળે.
- **અમરેલી જિલ્લામાં વૃક્ષ ગણતરી** :

| વર્ષ | વૃક્ષોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૭૩.૪૫ લાખ |
| ૨૦૨૧ | ૭૫.૦૦ લાખ |

- **વર્ષ ૨૦૧૭ ની સરખામણીએ વર્ષ ૨૦૨૧ ની ગણતરી પ્રમાણે વૃક્ષોની સંખ્યામાં ૨.૧૧% જેટલો વધારો થયેલ છે.**
- લાઠી તાલુકામાં ૨૦૨૨–૨૩માં કુલ–૧૧ ગામોમાં **૩૨.૦૦** હેક્ટર જમીનમાં **૨૮,૫૧૧** જેટલા રોપા વાવવામાં આવેલ છે.
- લાઠી તાલુકામાં ૨૦૨૩–૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૧૨** ગામોમાં **૩૨.૦૦** હેક્ટર જમીનમાં **૨૮,૫૧૧** જેટલા રોપા વાવવામાં આવેલ છે.

- અમરેલી જિલ્લામાં ૨૦૨૨-૨૩માં **૨૭૩** હેક્ટર જમીનમાં **૨,૫૧,૬૪૪** જેટલા રોપા રોપવામાં આવેલ છે.
- અમરેલી જિલ્લામાં ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૨૭૫** હેક્ટર જમીનમાં **૨,૫૧,૪૪૪** જેટલા રોપા રોપવામાં આવેલ છે.
- અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણની કુલ નર્સરી **૧૬** અને ૨૦૨૨-૨૩ માં **૧૮.૦૪** લાખઅને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ **૧૮.૦૫** લાખ રોપા ઉછેર્યા.
- અમરેલી જિલ્લાનો વર્ષ ૨૦૨૨-૨૩નો લક્ષ્યાંક **૨૭૩ હે**ક્ટર છે. તેની સામે સિદ્દિ **૨૭૩** હેક્ટર ૧૦૦% સિદ્દિ અને ૨૦૨૩-૨૪માંતા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નો લક્ષ્યાંક **૨૭૫** હેક્ટર છે. તેની સામે સિદ્દિ **૨૭૫** હેક્ટર ૧૦૦% સિદ્દિ.
- અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળનો પ્રોટેક્ટેડ ફોરેસ્ટ વિસ્તાર **૮૮૮.૨૭** કિ.મી.
- લાઠી તાલુકામાં સામાજિક વનીકરણ હેઠળનો પ્રોટેક્ટેડ ફોરેસ્ટ વિસ્તાર **૮૮.૦૫** કિ.મી.
- ખેડૂતોને આપવામાં આવતા રોપા- લીમડા, સરગવા, ચરલ, પિપળ, અરડુસા, ગુલ્મહોર, વડ, પિપળા, જામફળ, સીતાફળ, નિલગીરી, લિમ્બુ, વિગેરે જાતના રોપા રોપવામાં આવેલ વગેરે.
- થોરની વાડ કરવાનો પ્રતિ રનીંગ મીટર દર- રૂા. **૩૩.૮૫**
- અમરેલી જિલ્લામાં બે વર્ષની રોપા વિતરણના લાભાર્થીની સંખ્યા **૩૩,૪૩૬** વિતરણ કરેલ રોપાની સંખ્યા **૪૪.૮૪૫** લાખ
- લાઠી તાલુકામાં બે વર્ષની રોપા વિતરણના લાભાર્થીની સંખ્યા-**૧૧,૬૯૮** વિતરણ કરેલ રોપાની સંખ્યા **૭.૦૪૫** લાખ

- **સામુહિક વન નિર્માણ યોજના વિશે જાણકારી**

- સામુહિક વન નિર્માણ યોજનાનો મુખ્ય હેતુ બિન વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યા વધારવાનું છે. જેથી એક બાજુ સમાજને આવક અને રોજગારીની તકો વધે. વૃક્ષ આધારિત ઉદ્યોગોને કાચો માલ મળી શકે તથા બીજી બાજુ પર્યાવરણીય અને પરિસરિય વિકાસ થાય. આમ સામાજીક વનીકરણ યોજનાથી ટકાઉ વિકાસની ત્રણે સામાજીક વનીકરણ યોજના હેઠળ લોકોને બળતણ અને નાના ઇમારતી લાકડાની જરૂરિયાત તેમજ વૃક્ષ ઉત્પાદનથી લોકોને સહાયક રોજી અને આવક મળે તે હેતુથી યોજના અમલમાં છે. આ યોજના હેઠળ પટ્ટી વાવેતર, ગ્રામવન, જમીન વિહોણા ખેતમજુરોની ભાગીદારીથી ફળાઉ વૃક્ષો વાવવા અને વન નિર્માણ હેઠળ વૃક્ષારોપણનું કાર્ય કરવાનું છે. સાથો સાથ વન મહોત્સવ અને વિકેન્દ્રિત નર્સરી અંતર્ગત વિભિન્ન ઉપયોગ રોપાઓ (જેવા કે, ફળાઉ ઔષધિયુક્ત, સુશોભન અને નાના ઇમારતી લાકડા) ઉછેરીને લોકોને વિતરણ તેમજ ઉર્જા બચાવના વૈકલ્પિક સાધનોનીવહેંચણી કરવામાં આવે છે

- **સામૂહિક વન નિર્માણ યોજનાના હેતુઓ**
- વૃક્ષ આચ્છાદિત હરિયાળુ કવર ઉભુ કરી કાર્બન સંચય સાથે રાજ્ય માટે ટકાઉ વિકાસનો આધાર ઉભો કરવો
- ખેડુતો, લોકો તથા વિવિધ સંસ્થાઓને વનીકરણની પ્રવૃત્તિ માટે સંગઠીત કરી લાભ લેવા પ્રોત્સાહિત કરવા
- વન પેદાશો (ઇમારતી લાકડુ, જલાઉ લાકડુ, ઘાસચારો, ફળો તથા અન્ય ગૌણ વન પેદાશો)માં વધારો કરવો જેથી લોકોને તેમની જરૂરીયાત સરળતાથી મળી રહે.
- ગ્રામીણ ગરીબ લોકો માટે રોજીની તકો વધારવી.
- ફાજલ પડેલ સરકારી, સહકારી, સંસ્થાકીય તેમજ ખાનગી જમીન પર વૃક્ષાવરણ વધારવું.
- રાજયની પર્યાવરણીય અને જૈવીક વૈવિધ્યતાની સુરક્ષા અને સંવર્ધન કરવું.

**નર્સરીમાં પોલિથીન બેગની સાઈઝ પ્રમાણે રોપા ઉછેરવાના દર નીચે મુજબ છે.**

| પોલિથીન બેગની સાઈઝ | | પ્રતિ રોપા ઉછેરનો દર |
|---|---|---|
| ૧૦ સે.મી. પહોળાઇ X ૨૦ સે.મી. લંબાઇ | – | રૂ. ૫.૭૬ |
| ૧૫ સે.મી. પહોળાઇ X ૨૫ સે.મી. લંબાઇ | – | રૂ. ૧૧.૬૮ |
| ૨૦ સે.મી. પહોળાઇ X ૩૦ સે.મી. લંબાઇ | – | રૂ. ૨૨.૪૩ |
| ૩૦સે.મી. પહોળાઇX ૪૦સે.મી. લંબાઇ | – | રૂ. ૩૪.૨૪ |

**વાવેતર માટે ખાડાની સાઇઝ પ્રમાણે દર નીચે મુજબ છે.**

ખાડાનું માપ (સે.મી.)જમીનનો પ્રકાર પ્રતિ ખાડાનો દર

૩૦ સે.મી. લંબાઈ X ૩૦ સે.મી. પહોળાઇ X૩૦ સે.મી. ઊંડાઇ

(૧ ફુટ લંબાઈ X૧ ફુટ પહોળાઇ X૧ ફુટ ઊંડાઈ)

નરમ જમીન – રૂ. ૭.૪૦

કઠણ જમીન – રૂ. ૧૧.૦૫

૪૫ સે.મી. લંબાઈ X ૪૫ સે.મી. પહોળાઇ X૪૫ સે.મી. ઊંડાઇ

(૧.૫ ફુટ લંબાઈ X૧.૫ ફુટ પહોળાઇ X૧.૫ ફુટ ઊંડાઈ)

નરમ જમીન – રૂ. ૧૪.૯૫

કઠણ જમીજ – રૂ. ૨૨.૦૫